જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૯/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૮૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૭૮,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૪ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૯૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૯૨/૨૦૨૨

**બાપુનગરઃ** ક્રિષ્નપાલસીંગ રામજી ચૌધરી (ઉ.વ.૨૮)(રહે.શોપ નંબર FF-ગણેશ ચેમ્બર પડશાલા ચેમ્બર બાપુનગર ચાર રસ્તા પાસે બાપુનગર) એ તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૬/૨૦૨૧ થી તા.૦૨/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર ચાર રસ્તા ખાતે આવેલ ભારત ફાઇનાન્સ ઇન્ડસન્ડ બેંકમાં “લોન ઓફીસર” તરીકે નોકરી કરતા આરોપી રજનીકાંત પ્રવિણભાઇ પરમાર એ બેંકના ખાતેદારો પાસેથી લોનના હપ્તા તથા રીકરીંગના પૈસા મેળવી લઇ કુલ રૂપિયા ૪,૪૮,૯૬૮/- બેંકમાં નહી ભરી, બેંક સાથે તેમજ રીકરીંગ ડીપોઝિટ કરંટ ખાતુ ધરાવતા ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ટી.ચારણ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૬૯૩/૨૦૨૨

**સાબરમતીઃ** અભિજીત પિતવાસ પાન્ડા (રહે.કેન્દ્રીય વિધાલય સ્ટાફ ક્વાટર્સ, ડી-કેબીન સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૨ બપોરના ૨/૩૦ થી તા.૨૦/૦૯/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાબરમતી રેલ્વે કોલોની કેન્દ્રીય વિધાલયની લોબીમાં તથા બિલ્ડીંગમાં અલગ-અલગ જગ્યાએ તથા ખુલ્લા વર્ગખંડ ખાતે થી સી.પી.પ્લસ કંપનીના કેમેરા કુલ-૧૨ કિંમત રૂપિયા ૩૬,૦૦૦/-, ખુલ્લા રૂમમાંથી સોની કંપનીનું પ્રોજેક્ટર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, એપલ કંપનીનું ડીવાઇઝ(ટી.વી.) કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, ટી.પી.લીંક કંપનીનું વાઇફાઇનું રાઉટર કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૯,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૪/૨૦૨૨**

**માધવપુરાઃ** દેવાંગભાઇ યોગેશભાઇ કોઠારી (ઉ.વ.૩૧)(રહે.પ્રસાદ ટાવર, નેહરૂનગર સર્કલ પાસે આંબાવાડી એલીસબ્રીજ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ સવારના ૪/૦૦ વાગ્યાના સુમારે શાહપુર ફાયર બ્રીગેડ સ્ટેશન સામેથી રિક્ષામાં આવેલ એક પુરૂષ દેવાંગભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૬,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૫/૨૦૨૨**

**નારોલઃ** નારોલ શાહવાડી નારાયણ આર્કેડ ન્યુયોર્ક હોટલ ખાતે જ રહેતા અને હોટલનુ સંચાલન કરતા જયપાલસિંહ શંભુસિંહ ચૌહાણ (ઉ.વ.૩૫) (મુળ વતન-ગામ.બનકોડા તા.આસપુર જી.ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા નારાયણ આર્કેડના છત ઉપર લોખંડની પાઇપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**નારોલઃ** રશ્મી વા/ઓ વિપન શર્મા (ઉ.વ.૨૯) (રહે.ઓમ શાંતિનગર-૨ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૨ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છત પર લગાડેલ હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી